# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## પ્રાથમિક મતદાર યાદીની જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની આગામી સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારી દ્વારા મતદાર યાદીઓ તૈયાર કરવાની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે કરાવવામાં આવેલ છે. મતદાર યાદી સુધારણા માટે તા.૨૫/૦૯/૨૦૨૦ થી તા.૨૮/૦૯/૨૦૨૦ દરમિયાન બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન મૂકવામાં આવેલ હતી અને અરજદારો ઓનલાઈન સુધારા કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવેલ હતી. વધુમાં, ઈ-મેઈલ મારફતે પણ અરજદારોની રજૂઆતો સ્વીકારવામાં આવેલ છે. અરજદારો દ્વારા આપવામાં આવેલ સુધારા તેમજ અરજદારો દ્વારા આવેદનમાં કરેલ ભુલો, ઓનલાઈન સુધારામાં થયેલ ભુલ અને કેટલાક અરજદારો દ્વારા એકજ સંવર્ગમાં એક કરતા વધુ વાર મતદાર નોંધણી માટેના અરજી રજૂ કરેલ. ચૂંટણી અધિકારી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી નિયમાનુસાર રદ કરવાપાત્ર અરજી રદ કરેલ છે. રદ થયેલા મતદારોની અરજીની વિગત બોર્ડની વેબસાઈટ પર જરૂરી વિગતો સહિત મૂકવામાં આવેલ છે.

ચૂંટણી અધિકારી દ્વારા સુધારા થયેલ સુધારા મતદાર યાદી તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજ બોર્ડની વેબસાઈટ elec.gsebeservice.com ઉપર મૂકવામાં આવનાર છે. સુધારા મતદાર યાદી તા.૧૨/૧૦/૨૦૨૦ થી તા.૧૭/૧૦/૨૦૨૦ દરમિયાન જોઈ શકાશે. બોર્ડ દ્વારા મતદાર યાદી સુધારણા માટે આવેલી ઓનલાઈન રજૂઆતો તેમજ બોર્ડે કરેલ વેરીફિકેશનના અંતે કરાયેલ સુધારા સાથેની યાદી અરજદારો પુનઃ ઓનલાઈન જોઈ શકશે અને ઓનલાઈન મૂકવામાં આવેલ મતદાર યાદીમાં તેઓના નામ કે જન્મ તારીખમાં કોઈ સુધારો કરવાનો થતો હોય તો સુધારો કરવા મતદાર યાદીમાં નામ દાખલ કરવાની અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર દાખલ કરી OTP ની મદદથી સુધારો ફક્ત ઓનલાઈન કરી શકશે. તેમજ કોઈ મતદારની વિગતો સામે કોઈ વાંધો હોય તો તે પોતે બોર્ડની વેબસાઈટ ઉપર મૂકાયેલ નમૂના પ્રમાણેની વાંધા માટેની અરજી ચૂંટણી અધિકારીને gsebelection2020@gmail.com ઈ-મેઈલ પર મોકલી શકશે. મતદાર સુધારણા, મતદાર યાદી વેરીફિકેશન અને વાંધા માટે તા.૧૭/૧૦/૨૦૨૦ ના રોજ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં રજૂઆત કરવાની રહેશે. સમય મર્યાદા બાદ મળેલ કોઈ રજૂઆત ધ્યાને લેવાશે નહીં.

ઉપર મુજબની નિયત થયેલી સમય મર્યાદા પૂર્ણ થયે વાંધાઓનો નિકાલ કરી આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. આખરી મતદાર યાદી પ્રસિધ્ધિ બાદ કોઈ સુધારાઓ કે વાંધાઓ ગ્રાહ્ય રહેશે નહીં. જેની સૌ સંબંધિતોઓએ નોંધ લેવી.

(ડી. એસ. પટેલ)
ચૂંટણી અધિકારી અને સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૨/૧૦/૨૦૨૦

તા. ૧૨/૧૦/૨૦૨૦.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની મા.અને ઉ.મા. શાળાઓ,
૨/- જાણ તથા અમલ થવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.